આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-૨૩-03-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# ભાજપ ચૂંટણી પ્રચાર પ્રસારની સામગ્રી વિમોચન

આગામી લોકસભાની ચૂંટણી માટે ભાજપે આજે સંકલ્પપત્રની ગુજરાતી આવૃત્તિ સહિત પ્રચાર પ્રચાર માટેના વિવિધ ગીતો અને કૃતિઓનું લોન્ચીંગ કર્યું હતું .

ભાજપના મુખ્ય કાર્યાલય કમલમ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને સંગઠન મહામંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં પ્રચાર સામગ્રીનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે કહ્યું હતું કે, ચુંટણી પ્રચાર માટે ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા ચાર પ્રચાર ગીતો તેમજ પક્ષનું પ્રચાર ગીત તૈયાર કરવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

---

DNUBHUJ

## ગુજરાત ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ બન્યુ

લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ યોજાશે.

લોકસભાની 26 બેઠકો માટે કુલ 433 જયારે વિધાનસભાની પાંચ બેઠકો માટે 37 ઉમેદવારીપત્રો ભરાયા હતાં. ઉમેદવારીપત્રોની ચકાસણી દરમ્યાન લોકસભાના 105 અને વિધાનસભાના 10 ઉમેદવારોના ઉમેદવારીપત્રો રદ થયા હતા. લોકસભાના 62 અને વિધાનસભાના 3 ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા હતાં. લોકસભાના 266 ઉમેદવારોમાંથી 247 પુરૂષ અને 19 સ્ત્રી ઉમેદવારો છે. જયારે વિધાનસભાની પાંચ બેઠકો માટે 24 પુરૂષ ઉમેદવારો ચુંટણી જંગમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં આગામી 7મી મે ના રોજ મતદાન યોજાશે.

**RNU અમદાવાદ**

---

## ગુજરાતના કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની યાદી

કોંગ્રેસે ગુજરાતની લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે તેના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે.. 40 સ્ટાર પ્રચારકોની યાદીમાં રાષ્ટ્રીય અને ગુજરાતના નેતાઓનો પણ સમાવેશ કરાયો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીનો સમાવેશ થાય છે. જ્યારે ગુજરાતના નેતાઓમાં શક્તિસિંહ ગોહિલ, દિપક બાબરિયા, પરેશ ધાનાણી અને મુમતાઝ પટેલ સહિતના નેતાઓનો સમાવેશ થાય છે. આ તમામ નેતાઓ ત્રીજા તબક્કામાં યોજાનારી ગુજરાતની 25 બેઠકોની ચૂંટણીમાં ગુજરાતના કોંગ્રેસના ઉમેદવારો માટે પ્રચાર કરશે..

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

# કચ્છ મતદાન જાગૃતિ

લોકસભા સામાન્ય ચૂંટણી - **2024** અંતર્ગત ચુંટણીમાં **100** ટકા મતદાન થાય તે હેતુથી રાજ્યભરમાં વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો ચાલી રહ્યા છે. મુખ્ય નિર્વાચન અધિકારી, પી.ભારતી દ્વારા મહિલા મતદાર જાગૃતિ અને મતદાન કરવા બાબતે ખાસ આમંત્રણ પત્રીકા બનાવી દરેક જિલ્લામાં વહેચવામાં આવી છે.

દરમિયાન કચ્છમાં **SVEEP** હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વધુ વેગવંતુ કરવામાં આવ્યું છે. અબડાસા તાલુકાના સાંધવ મોટી પ્રાથમિક શાળા ખાતે ચુનાવી પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બીએલઓ દ્વારા ડોર ટુ ડોર સંપર્ક કરીને મતદારોને મતદાનનું મહત્વ સમજાવીને ચૂંટણીપંચ દ્વારા લોન્ચ કરવામાં આવેલી વિવિધ મોબાઈલ એપ્લિકેશન વિશે સૌ નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

તો કચ્છમાં મતદાનની ટકાવારી ઊંચી આવે તેવા હેતુસર ૧૫ દિવસીય સઘન કાર્યક્રમને અમલમાં મૂકવામાં આવ્યો છે. જે અંતર્ગત જિલ્લાના વિવિધ ૬ વિધાનસભા વિસ્તારોમાં ૩૪ જેટલી મીટીંગનું આયોજન કરાયું હતું. જેમાં મતદાર સમૂહને મતદાન જાગૃતિ વિશે વિવિધ બાબતો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

મા.ખા.

---------------------------------------------------------------------

RNUBHUJ

## કંટ્રોલરૂમની મુલાકાત

**લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે જિલ્લા કક્ષાની મીડિયા સર્ટિફિકેશન એન્ડ મીડિયા મોનિટરિંગ કમિટી અંતર્ગત જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમની ઓબ્ઝર્વરોએ મુલાકાત લીધી હતી.**

**કંટ્રોલરૂમની ખાતે ટીવી ચેનલોનું રાઉન્ડ ધ ક્લોક મોનિટરીંગ, દૈનિક ચૂંટણીલક્ષી મીડિયા અહેવાલ વગેરે બાબતોથી એમસીએમસી કમિટીના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયાએ ઓબ્ઝર્વરને અવગત કરાવ્યા હતા . ઓબ્ઝર્વરોએ મુલાકાત કરીને મીડિયા મોનિટરીંગની કામગીરી અંગે જરૂરી વિગતો મેળવીને સંબંધિત માર્ગદર્શન આપ્યું હતું.**

**મા.ખા.**

---

## સાળંગપુર હનુમાન જયંતિ ઉજવણી

રાજ્યના પ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુર ખાતે વહેલી સવારથી જ કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરમાં ભક્તજનોનું ઘોડાપૂર ઉમટ્યું છે. વહેલી સવારે પાંચ વાગે મંગળા આરતી અને ત્યારબાદ સાત વાગે શણગાર આરતીના હજારો ભક્તજનોએ દર્શન કર્યા હતા. હનુમાન દાદાની જયના નાદ સાથે મંદિર પરિસર ગુંજી રહ્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ કષ્ટભંજન દાદાને શિશ ઝુકાવવા સાળંગપુર પહોંચ્યા હતા. તેમણે હનુમાન જંયતિના પવિત્ર દિને પૂજા અર્ચના કરી આરતી ઉતારીને સંતોના આશીર્વાદ લીધાં હતાં.

**RNU અમદાવાદ**

---

# કચ્છ હનુમાન જયંતિ ઉજવણી

સમગ્ર રાજ્યમાં હનુમાન જયંતિની ઉજવણી ભારે શ્રધ્ધાપૂર્વક થઇ રહી છે. ત્યારે કચ્છમાં પણ સવારથી જ હનુમાન મંદિરોમાં ભક્તજનોની ભારે ભીડ જોવા મળી રહી છે. ભુજના દાંડીવાળા હનુમાન, પડદાભીટ્ટ, પંચમુખા, સંકટમોચન, ઢોળાવા, પાટ હનુમાન અને કુકમા નજીક આવેલ લેર હનુમાન સહિતના ઐતિહાસિત મંદિરો પર ભાવિક ભક્તોની કતારો લાગી હતી. સુંદરકાંડના પાઠ, હનુમાન ચાલીસા પઠન, મહાઆરતી, હોમ હવન, મહાપ્રસાદ સહિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાન ભક્તોએ સિંદુર, તેલ, માળા અર્પણ કરીને દર્શનનો લાભ લીધો હતો. ભુજના પૌરાણીક મંદિર પડદાભીટ્ટ હનુમાનજી મંદિરે પરંપાગત મેળો ભરાયો હતો.

**N.P /વિરલ રાણા**

---

RNUBHUJ